|| चैतन्य ||
CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

# અગ્નિકુંડમાં ઊગેલાં ગુલાબની ડાયરી : મહાદેવભાઈની ડાયરી

**અઝીઝ ઇબ્રાહીમ છરેચા**
**પીએચ. ડી સંશોધનાર્થી**
**અંજાર - કચ્છ**

'મહાદેવભાઈની ડાયરી' એ ગાંધીજીની આત્મકથા 'સત્યના પ્રયોગો'ની પરંપરાનો અને તેના અનુસંધાનમાં આવતો એક અનોખો ગૌરવગ્રંથ છે. ગુજરાતીમાં જ નહિ, ભારતીય અને વૈશ્વિક ડાયરી-સાહિત્યમાં એનું સ્થાન છે. ગાંધીજીની અને રાષ્ટ્રીય સ્વાતંત્ર્ય ચળવળની ગાથાને એ આગળ વધારતું ગાંધીજીવન અને રાષ્ટ્રજીવનનો એક અમૂલ્ય દસ્તાવેજ છે. ગાંધીજીએ પોતાના જન્મથી માંડીને ૧૯૨૦ સુધીના જીવનની આત્મકથા લખી છે. પણ એ પછીનું વિશેષ મહત્ત્વનું જીવન ગાંધીજીના જ રહસ્યમંત્રી અને સાહિત્યિક દૃષ્ટિ ને ક્ષમતા સાથે પૂરી સત્યનિષ્ઠા જાળવનાર મહાદેવભાઈ દેસાઈએ ડાયરી - રોજનીશી સ્વરૂપે આપ્યું છે. મહાદેવભાઈ ૧૯૧૭માં ગાંધીજી સાથે જોડાયા અને તેમની રોજેરોજની વિસ્તૃત નોંધ લખવાની શરૂ થઈ, તે ૧૯૪૨માં ૧૫મી ઑગસ્ટે પૂનાના આગાખાન મહેલમાં ગાંધીજીના સાન્નિધ્યમાં જ અવસાન થયું; તેના આગલા દિવસે પૂરી થાય છે. ગાંધીજીવનની વિશેની આવી રજેરજ માહિતી સુવ્યવસ્થિત રીતે બીજે ક્યાં મળે? વળી 'ડાયરી' છે 'મહાદેવભાઈની' એટલે કે 'મહાદેવભાઈએ લખેલી.' પણ એના ચરિત્રનાયક તો મહાદેવભાઈના પિતા સમાન ઉપાસ્ય મહાત્મા ગાંધીજી છે. ડાયરી આત્મકથાત્મક સ્વરૂપ છે, ને તેમાં રોજનીશીકાર જ તેનો નાયક હોય. પણ મહાદેવભાઈએ આત્મસમર્પણ કર્યું છે ગાંધીજીને ચરણે, જીવનમાં તેમજ આ ડાયરીમાં. પોતાનો ને પરિવારનો ઉલ્લેખ તો આવશ્યક હોય ત્યાં જ આવવા દીધો છે, બાકી સમગ્ર લેખન ગાંધીકેન્દ્ર સ્થાને જ રહ્યા છે. આ ડાયરી આત્મલક્ષી નહિવત્ અને પરલક્ષી છે, કહો કે ગાંધીકેન્દ્રીય વ્યાપક પ્રજાજીવનની છે. જગતના ડાયરી-સાહિત્યમાં આ એની વિશિષ્ટતા અને અનન્યતા છે. 'મહાદેવભાઈની ડાયરી' એ તત્ત્વતઃ હકીકતે 'ગાંધીજીની ડાયરી' છે અને એથી જ તેની મહત્તા વધી જાય છે. મહાદેવભાઈએ તો ગાંધીજીનું જે ગણેશકાર્ય કરતાં, જે કંઈ જાણ્યું-માણ્યું-સાંભળ્યું-જોયું તેનું સતત લેખન જ 'મહાદેવભાઈની ડાયરી' જેવા મહાકાવ્ય જેવા

રોજનીશી-ગદ્યસ્વરૂપે પ્રગટ કર્યું છે. જો ‘સરસ્વતીચંદ્ર’ને ‘પંડિતયુગનું ગદ્ય મહાકાવ્ય’ કહી શકાય, તો ‘મહાદેવભાઈની ડાયરી’ને ‘ગાંધીયુગનું ગદ્ય મહાકાવ્ય’ કહી શકાય. ફેર એટલો જ કે પ્રથમ કલ્પનાકથા છે, બીજું સત્યકથા ઇતિહાસ છે. હા, ‘મહાદેવભાઈની ડાયરી’ એ ‘Epicurin Work’ છે. તેના ત્રેવીસ ગ્રંથો પ્રકટ થયા છે, બીજા ત્રણેક થશે. આટલી લાંબી, એક મહાન જીવન અને તેના સ્વાતંત્ર્ય-ચળવળના રાષ્ટ્રજીવનને આવરી લેતી ઐતિહાસિક મહત્ત્વની અન્ય ડાયરી જાણી નથી. વિશ્વસાહિત્યમાં ‘સત્યના પ્રયોગો’ જેમ આત્મકથાનો ઉત્તમ નમૂનો છે, તેમ ‘મહાદેવભાઈની ડાયરી’ ડાયરીનો ઉત્તમ નમૂનો છે.

‘મહાદેવભાઈની ડાયરી’ના પ્રથમ સંપાદક નરહરિભાઈ પરીખે પ્રથમ પુસ્તકની પ્રસ્તાવનામાં જ કહ્યું છે : ‘દુનિયાના આ જાતના તમામ સાહિત્યમાં વસ્તુના ઉદાત્તપણાને લીધે તેમજ તે રજૂ કરવાની શૈલીની સરસતા તથા ચિત્તાકર્ષકતાને લીધે મહાદેવભાઈની ડાયરીઓનું સ્થાન બહુ ઊંચું રહેશે.’ ઉમાશંકર જોષી કહે છે : ‘આ ડાયરી ગાંધીજીને વિશે છે એટલા માટે જ નહિ, પણ ડાયરીનો એક ઉત્તમ જ નમૂનો છે.’ ‘(અભિરુચિ', પૃ, ૧૯૬), હિન્દી વિવેચક ડૉ. નગેન્દ્ર પણ કહ્યું છે કે ‘ગુજરાતી સાહિત્ય મેં દૈનંદિની(ડાયરી)સાહિત્ય કા માનક (માનદંડ) સ્થાપિત કરને મેં મહાદેવભાઇ કા મહત્ત્વપૂર્ણ યોગદાન હૈ.' (‘ભારતીય સાહિત્યકોશ’, પૃ. ૯૩૯)

આ ડાયરી પૂર્વે ગુજરાતીમાં ‘નરસિંહરાવની રોજનીશી', ગોવર્ધનરામની 'મનનનોંધ' (સ્ક્રેપબૂક), બ. ક. ઠાકોરની 'દિનકી' જેવી નાની ને અંગત રોજનીશીઓ રચાઇ હતી. પરંતુ મહાદેવભાઈએ તો ડાયરીના સ્વરૂપનો આદર્શ જ બદલી નાંખ્યો. પોતાની જાતને અત્યંત ગૌણ કરી મહાત્મા ગાંધીજીની, આત્મલક્ષીને બદલે પરલક્ષી, અંગતને બદલે ગાંધીજીના જાહેરજીવનની રાજકીય ને રાષ્ટ્રીય એવી વિશાળ ડાયરી આપી છે. રોજેરોજની ને રજેરજ માહિતી સાહિત્યિક ભાષાશૈલીમાં રજૂ કરી છે.

## મહાદેવભાઈનું ગાંધીવિશ્વ

મહાદેવભાઈ ગાંધીજીના અંગત સચિવ હતા. ૧-૧-૧૮૯૨ના રોજ એમનો જન્મ. બી.એ. એલએલ.બી. થઈ, તે અને નરહરિ પરીખ વકીલાતમાં ઝંપલાવતા હતા, ત્યાં ૧૯૧૫માં ગાંધીજીની પ્રથમ મુલાકાતે જ તેમને ચરણે બેસી જવાનો સંકલ્પ કરી બેઠા. ૧૯૧૭માં ગાંધીજી સાથે જોડાયા. ૧૩-૧૧-૧૯૧૭થી ડાયરી લખવાનો આરંભ કર્યો. તેઓ ગાંધીજી સાથે ચંપારણયાત્રા, અમદાવાદના મિલમજૂરોની લડત, ખેડા સત્યાગ્રહ, સૈનિક ભરતી જેવા પ્રસંગોમાં સાથે રહ્યા. ૧૯૧૯માં ગાંધીજીને પંજાબ-પ્રવેશના મનાઇહુકમના ભંગ બદલ ભારતમાં સર્વપ્રથમ ગિરફતાર કર્યા, ત્યારે તેમણે મહાદેવભાઇને પોતાના વારસદાર તરીકે જાહેર કર્યા હતા. એ પછી છેક ૧૯૪૨માં ૧૫મી ઓગસ્ટે

પુના આગાખાન મહેલમાં અવસાન પામ્યા ત્યાં સુધી એમની સાથે. એમનો અગ્નિસંસ્કાર પણ ત્યાં ગાંધીજીએ જ કર્યો હતો. બારડોલી, દાંડીના સત્યાગ્રહોમાં જ નહિ, ૧૯૩૧માં ગોળમેજી પરિષદમાં ઇંગ્લેંડ-યુરોપના પ્રવાસમાં પણ સાથે અને ૧૯૩૨માં યરવડા જેલમાં પણ સાથે, મહાદેવભાઈના સુપુત્ર નારાયણ દેસાઈ(ગાંધીકથાકાર)એ 'અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ' નામે એમનું ઉદાત્ત ચરિત્ર આલેખ્યું છે. ગાંધીજી કહેતા કે મહાદેવ મારું બીજું શરીર હતા. મહાદેવે ૧૦૦ વર્ષનું કામ ૫૦ વર્ષમાં કરી નાંખ્યું. મહાદેવભાઈનું યોગી અને દેશભક્તની માફક મૃત્યુ થયું.

મહાદેવભાઈ સાહિત્યના જીવ હતા. તેઓ ગાંધીયુગના સાહિત્યકાર છે. 'ડાયરી' તેમનું અમૂલ્ય પ્રદાન. તદુપરાંત તેમણે રવીન્દ્રનાથ ટાગોર ને શરદબાબુની કૃતિઓના અનુવાદો, જવાહરલાલ નહેરુની આત્મકથાનો અનુવાદ, 'નવજીવન' આદિ પત્રોનાં સંચાલન, કેટલાંક સંપાદન, કેટલાંક ચરિત્રો – 'વીર વલ્લભ', 'સંત ફ્રાન્સિસ', 'બે ખુદાઈ ખિદમતગાર' વગેરે, 'સ્વરાજય- વિષયક એક ધર્મયુદ્ધ' ને 'બારડોલી સત્યાગ્રહનો ઇતિહાસ' જેવું સાહિત્ય- પત્રકારત્વ-સંપાદનનું પ્રદાન કર્યું છે. તે ભારતીય ભાષાઓ અને અંગ્રેજીના જ્ઞાતા હતા. તેમનું વાચન વિશાળ હતું. તેમણે અંગ્રેજીમાં પણ દસેક પુસ્તકો લખ્યાં છે.

**સત્યના પ્રયોગોનું આગવું અનુસંધાન જીવન** :

'સત્યના પ્રયોગો'ની સાથે 'મહાદેવભાઈની ડાયરી' એ ગાંધીજીવનનો મહત્ત્વપૂર્ણ ને સવિગત આલેખ છે. ગાંધીચરિત્રનો કાચો મસાલો છે. અંગ્રેજ સાહિત્યકાર ડૉ. જહોન્સનનું ચરિત્ર લખવા માટે તેમના શિષ્ય બોઝવેલે તેમની ડાયરી લખી હતી, ને તેને આધારે જીવનચરિત્ર લખ્યું હતું. મહાદેવભાઈ 'સવાયા બોઝવેલ' થાય એમ હતા, પણ અકાળે અવસાન થતાં, ગાંધીજીનું ચરિત્ર ન લખી શક્યા. જોકે મહાદેવભાઈના સુપુત્ર નારાયણભાઈ દેસાઈએ 'મારું જીવન એ જ મારી વાણી' નામે ઉત્તમ ગાંધીચરિત્ર આપ્યું. પણ 'ડાયરી' એ તો ગાંધીજીએ શ્વાસેલા કાળનો રોજનીશી-સ્વરૂપે જે ગાંધીજીવનકથા રૂપે ઉત્કૃષ્ટ છે.

'મહાદેવભાઈની ડાયરી' કાળક્રમાનુસાર પ્રગટ થઈ નથી. પણ એનું વિષયવસ્તુ ગાંધીજીની આત્મકથાનું અનુસંધાન જાળવે છે. ગાંધીજીની આત્મકથા ૧૯૨૦ સુધીની છે. 'મહાદેવભાઈની ડાયરી' ૧૯૧૭થી શરૂ થાય છે. ત્રણેક વર્ષ બેવડાય છે. એથી વસ્તુનિરૂપણ અને ભાષાશૈલીની દ્રષ્ટિએ ભેદ જોઈ શકાય છે. ગાંધીજી સીધું સરળ કથાનક આલેખતા જયારે મહાદેવભાઈ તો કથાનક સાથે ચરિત્રચિત્રણ, પ્રસંગાલેખન, સંવાદો, ચર્ચાઓ વાર્તાલાપ, ચિંતન, પત્રો, લેખો, દૃષ્ટાંતકથા, પરિશિષ્ટ વગેરે સવિગત અને સવિસ્તર યથાતથ નિરૂપે છે. ગાંધીકેન્દ્રીય રાજકીય, સાંસ્કૃતિક ને સામાજિક જ

નહિ, ધર્મ, તત્ત્વજ્ઞાન, પ્રજા, કલા, સાહિત્ય વગેરે પણ આલેખે છે. પ્રકૃતિ અને પ્રસંગોનાં મનોરમ વર્ણનો સાથે ,અવતરણોની ગૂંથણી એટલી કલાત્મક રીતે કરી છે કે લલિતેતર સ્વરૂપની ડાયરીમાં લાલિત્ય અનુભવાય. લેખક માત્ર વૃત્તાંતનિવેદક ન બની રહેતા, સૌંદર્યલક્ષી સાહિત્યકાર – સાહિત્યરસિક છે એની પ્રતીતિ પાને પાને થાય છે.

**ડાયરીનું વિષયવિશ્વ** :

‘મહાદેવભાઈ દેસાઈની ડાયરી'નાં ત્રેવીસ પુસ્તકો પ્રગટ થયેલાં છે. આરંભના સંપાદક નરહરિભાઈ પરીખ છે. પ્રથમ ભાગમાં ૧૯૧૭ની ડાયરી નથી, પણ ૧૯૩૨માં ગાંધીજી, વલ્લભભાઈ અને મહાદેવભાઈ યરવડા જેલમાં સાથે હતા ત્યારના પ્રસંગની રસિક ને મહત્ત્વની ડાયરી છે. પુસ્તકક્રમ એ કાળક્રમ નથી. ડાયરીના બીજા સંપાદક ચંદુભાઈ ભગુભાઈ દલાલ ને ત્રીજા મહેન્દ્ર વાલજીભાઈ દેસાઈ હતા. પ્રથમ ભાગ ૧૯૪૮માં પ્રગટ થયો ને ત્રેવીસમો ૧૯૯૭માં. ડાયરી મહાકાય અને લાંબે ગાળે વિલંબે પ્રકટ થયેલી છે. વળી સંપાદકોએ એમની રીતે ડાયરીનું સંપાદન કરેલું છે.

કાળક્રમે જોઈએ તો તેનું કથાપ્રવાહ/જીવનપ્રવાહ નીચે પ્રમાણે છે.

૧૯૧૭થી ૧૯૧૯ દરમ્યાન ગાંધીજીએ ચંપારણ સત્યાગ્રહ, અમદાવાદના મિલમજૂરોની લડત ,ખેડા સત્યાગ્રહ . પ્રથમ વિશ્વયુધ્ધ જાહેર થયું એટલે ગાંધીજીએ અંગ્રેજ સરકારને મદદ કરવા માટે લશ્કરી ભરતીનું કામ ઉપાડ્યું, એ આશાએ કે યુધ્ધ પૂરું થતાં બ્રિટીશ સરકાર ભારતને આઝાદી આપે, જે આશા ઠગારી નીવડી. ૧૯૧૯-૨૦ દરમ્યાન રોલેટ એક્ટ, તેની સામે સવિનય કાનૂનભંગની લડત ,જલિયાવાલા હત્યાકાંડ, દેશમાં ઉઠેલો ખળભળાટ, વિરોધમાં નીકળેલા સરઘસ પર પોલીસે લાઠીમાર કર્યો, લાલા લજપતરાયનું અવસાન, અહિંસક સત્યાગ્રહ - અસહકારની લડત, ૧૯૨૦માં લોકમાન્ય તિલકનું અવસાન. ગાંધીજીનો લોકનેતા તરીકે ઉદય થયો.

૧૯૨૧-'૨૪ દરમ્યાન મહાદેવભાઇ 'ઇન્ડિપેન્ડન્ટ' માસિકના તંત્રી. સરકારના વિરોધ સામે પ્રકાશન ચાલુ રાખ્યું. તેથી તેમને જેલ થઇ. એ પછી તેમણે 'નવજીવન'ની જવાબદારી પણ નિભાવી. કોંગ્રેસમાં સ્વરાજયવાદીઓ અને નાફેરવાદીઓનો ઝઘડો, બારડોલી સત્યાગ્રહ, વલ્લભભાઇને 'સરદાર'નું બિરુદ, એસમયે મહાદેવભાઈ સાથે હતા. તેમણે ‘બારડોલી સત્યાગ્રહનો ઇતિહાસ' લખ્યો. એ પછી નાગપુર ઝંડા સત્યાગ્રહ થયો. જેલ થઇ તેના અનુભવો આલેખ્યા છે.

૧૯૨૪માં અહિંસક સહકારની પ્રવૃત્તિ વચ્ચે કોમી રમખાણ ફાટી નીકળ્યાં. એ શમાવી, ગાંધીજીએ સ્વદેશીની ચળવળ તેજ બનાવી. પરદેશી કાપડની હોળીઓ ,ગાંધીજીની ધરપકડ થઈ. અમદાવાદમાં કોંગ્રેસની મહાસભાની બેઠક થઇ, પ્રમુખ તરીકે ગાંધીજીની વરણી થઇ.

૧૯૨૪-૨૫માં, બેલગાંવ કોંગ્રેસ અધિવેશન મળ્યું. સ્વરાજવાદીઓ ને નાફેરવાદીઓના પક્ષો ઉગ્ર બન્યા.

૧૯૨૫માં ગાંધીજીએ દેશભ્રમણ કર્યું. કોંગ્રેસના અગ્રણી નેતા દેશબંધુનું અવસાન થયું. કાનપુર અધિવેશન મળ્યું.

૧૯૨૬માં ગાંધીજી અને મહાદેવભાઈએ ગાંધીઆશ્રમ, સાબરમતી, અમદાવાદમાં રહી વિવિધ પ્રવૃત્તિઓ કરી. એ પછી ગાંધીજીએ વિવિધ પ્રવાસ કર્યા. સ્વામી શ્રધ્ધાનંદનું ખૂન થયું. દેશમાં ખળભળાટ મચી ગયો. દરમ્યાન ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમ, કોમી એકતા ને અસ્પૃશ્યતાનિવારણની પ્રવૃત્તિ તો ચાલતી જ હતી.

૧૯૨૭માં ગાંધીજી અને મહાદેવભાઈએ દક્ષિણ ભારત અને શ્રીલંકાનો પ્રવાસ. અનેક કાર્યક્રમો. સત્યાગ્રહ દ્વારા સ્વરાજયની ભાવનાનું પ્રસરણ . ગુજરાત પર રેલસંકટ. ગાંધીજી પ્રવાસમાં હોઇ સરદારે એ કામ ઉપાડી લીધું.

૧૯૨૮-૨૯માં બારડોલી સત્યાગ્રહ,કલકત્તા કોંગ્રેસ અધિવેશનના પ્રસંગો અને મહાદેવભાઇ એ 'નવજીવન' ને 'યંગ ઇન્ડિયા'ની જવાબદારી નિભાવી.

મહાદેવભાઈની જેલમુક્તિ પછી ૧૯૩૦-૩૧માં વલ્લભભાઈ અને મહાદેવભાઈના દક્ષિણ ભારત-પ્રવાસ, લખનૌ કોંગ્રેસ, ગુજરાત-પ્રવાસ, બિહાર- પ્રવાસ, લાહોર કોંગ્રેસ અને ૧૯૩૦ના નમક સત્યાગ્રહની દાંડીકૂચ. જેમાં દાંડીકૂચના મહાભિનિષ્ક્રમણનું ભવ્ય ચિત્ર આલેખ્યું છે. ત્યારે સરદાર જેલમાં હતા. મહાદેવભાઇ કૂચમાં નહોતા, ને બહાર રહી સંચાલન કરતા.

૧૯૩૧-'૩૨માં મોતીલાલ નહેરુનું અવસાન, ગાંધી-ઇરવિન-કરાર, ગયા અને કરાંચીમાં કોંગ્રેસ અધિવેશન ને ગાંધીજીની ગોળમેજી પરિષદમાં હાજરી ,ગાંધીજી ઇરવિન – કરારને કારણે અસહકાર બંધ કરે છે. પણ સરકાર કરાર પ્રમાણે વર્તતી નથી, ગાંધીજી અને મહાદેવભાઇ ગોળમેજી પરિષદમાં ભાગ લેવા જાય છે. પરિષદમાં એકમતી સધાતી નથી. ગાંધીજી ‘અમને સંપૂર્ણ સ્વરાજયથી ઓછું કશું ના ખપે એવી જાહેરાત કરે છે. યુરોપમાં ફરે છે, રોમાં રોલાં, મુસોલિની વગેરેને મળે છે. ગાંધીજી પાછા ફરે છે ને ધરપકડ થાય છે.

૧૯૩૨-૩૩માં ગાંધીજી, સરદાર ને મહાદેવભાઈ યરવડા જેલમાં સાથે છે, એનાં સંસ્મરણો આસ્વાદમૂલક છે. હરિજનોના અલગ મતદારમંડળની માંગણી આંબેડકર કરે છે એની સામે ગાંધીજી ઉપવાસ કરે છે. અંતે સમાધાન થાય છે.

૧૯૩૪-૩૫માં ગાંધીજીનું સત્યાગ્રહને પાછું ખેંચવું અને રચનાત્મક કાર્યોમાં લાગવું ; પ્રજાને હાકલ, કોમી એકતા અને અસ્પૃશ્યતાનિવારણની પ્રવૃત્તિ ચાલે છે. કોંગ્રેસમાં સમાજવાદી જૂથ ઊભું થાય છે. નરેન્દ્ર દેવ, જયપ્રકાશ નારાયણ ને જવાહરલાલ પણ સમાજવાદી વલણ અપનાવે છે.

૧૯૩૫માં વ્યક્તિગત સત્યાગ્રહ થાય છે. વિનોબાની પ્રથમ સત્યાગ્રહી તરીકે વરણી થાય છે.

૧૯૩૬-૩૭ માં ગાંધીજી ત્રાવણકોર યાત્રા દરમ્યાન ત્યાંના રાજાએ હરિજનોને મંદિરપ્રવેશની છૂટ આપી ,તેનો ભવ્ય ઉત્સવ ,ત્યારબાદ કોંગ્રેસમાં ગાંધીજી અને જવાહરલાલ વચ્ચે મતભેદ ઊભા થાય છે. ગાંધીજી જવાહરને મનાવી લે છે.

૧૯૩૭-૩૮ દરમ્યાન ફરી હિંદુ-મુસ્લિમ રમખાણો થાય છે. ગાંધીજી એ શમાવવામાં પ્રવૃત્ત રહે છે. ત્યારબ્બાદ, કસ્તૂરબા ને દુર્ગાબહેન જગન્નાથપુરીના મંદિરમાં પૂજા કરી ,એ મંદિરમાં હરિજનને પ્રવેશ નહોતો, તેથી ન જવું જોઈએ, તેમ છતાં એ જાય છે. તેથી ગાંધીજી મહાદેવભાઈ પર ગુસ્સે થાય છે. મહાદેવભાઈ રાજીનામું આપે છે, ગાંધીજી એમને મનાવી લે છે. એ ઘટના ખૂબ સુંદર રીતે આલેખાઈ છે.

ડાયરીના પ્રકટ ૨૩ ભાગમાં મુખ્ય વસ્તુ આટલું ને આટલે સુધીનું છે. એ પછી ૧૯૩૯માં રાજકોટ ને મૈસૂરનાં પ્રજાકીય આંદોલનો, ૧૯૪૦માં ક્રાન્તિકારી કેદીઓની મુક્તિની ને વ્યક્તિગત સત્યાગ્રહની કામગીરી, ૧૯૪૧માં અમદાવાદમાં કોમી હુલ્લડ ને મહાદેવભાઈની માંદગી, ૧૯૪૨માં 'ભારત છોડો' આંદોલન, ૯મી ઑગસ્ટે મુંબઈથી ગાંધીજી - મહાદેવભાઈ વગેરેની ગિરફતારી ને પૂના આગાખાન મહેલમાં જેલ અને અંતે ૧૫મી ઑગસ્ટ, ૧૯૪૨ના રોજ મહાદેવભાઈનું દુઃખદ અવસાન જેવી દુર્ઘટના બને છે. આમ, ડાયરીમાં ગાંધીજી સાથેનાં પચીસ વર્ષની તવારીખ છે.

**ગાંધીયુગનો આંખે દેખ્યો ચિતાર** :

ડાયરી માત્ર મહાદેવભાઈ ને ગાંધીજીની જ નથી. ગાંધીયુગની ડાયરી છે. ૧૯૧૫ થી ગાંધીયુગ શરૂ થાય છે. ત્યારથી રાષ્ટ્રજીવનમાં ગાંધીજીના સિદ્ધાંતો અને કાર્યોને કારણે જે પરિવર્તન આવ્યું, મૂલ્યો પ્રવર્ત્યા ને પ્રવૃત્તિઓ ચાલી તેનો ઇતિહાસ છે. તો તેમાં સ્વાતંત્ર્ય-ચળવળનું પણ ઇતિવૃત્ત છે. ગાંધીજીના આગમન સાથે સ્વરાજ્ય માટે, અન્યાયો દૂર કરવા માટે ખેડા સત્યાગ્રહથી શરૂ કરીને

છેક ૧૯૪૨ની ‘હિંદ છોડો' ક્રાન્તિ સુધીની તવારીખ છે. આ યુગવર્તી ઘટનાઓના કાર્યકર ને સાક્ષી એવા મહાદેવભાઈએ એ સર્વનો આંખે દેખ્યો અને બુદ્ધિએ કસેલો અહેવાલ આપ્યો છે. સ્વાતંત્ર્યચળવળ સાથે ગાંધીજીએ સમાજની કાયાપલટ માટે જે સુધારાવાદી કાર્યક્રમો આપ્યા, ખાદી-ગૃહોદ્યોગાદિનાં રચનાત્મક કાર્યો કર્યાં, આશ્રમો સ્થાપ્યા – ચલાવ્યા, રાષ્ટ્રીય શાળાઓ ને વિદ્યાપીઠો સ્થાપી-ચલાવી એ સર્વોદય-પ્રવૃત્તિની પણ ગાથા છે. તે સમયે દેશમાં મુસ્લિમો અને હરિજનોની સમસ્યા હતી. કોમી રમખાણો થતાં તેથી કોમી એકતા માટે, અને હરિજનો હિંદુઓથી જુદા ન પડી જાય, ને દલિતોદ્ધાર થાય એ માટે અનેકવિધ કાર્ય કર્યાં, તેની અધિકૃત માહિતી પણ આ ડાયરીમાં છે. ગાંધીજીના સત્ય-અહિંસા આદિ વ્રતોના પ્રયોગો પણ ચાલ્યા જ કરે છે, એટલે ‘સત્યના પ્રયોગો'ની પણ વિકાસગાથા છે.

**મહા-દેવ સરીખા મહાદેવભાઈનું ચરિત્ર** :

ડાયરી મહાદેવભાઈની છે પણ એમાં મહાદેવભાઈનું અંગત જીવન અલ્પ આવે છે. તેમના પિતાજીનું અવસાન, તેની ઉત્તરક્રિયાઓ, દુર્ગાબહેન (પત્ની)નું ચરિત્ર, પુત્ર નારાયણ દેસાઈ(બાબલો) ને કસ્તૂરબા ને દુર્ગાબહેન ગાંધીજીના નિયમવિરુદ્ધ જગન્નાથપુરીના મંદિરમાં પૂજા કરી આવ્યા, તે પ્રસંગના ગાંધીજીના પ્રત્યાઘાતો ખાસ નોંધપાત્ર છે.

મહાદેવભાઈનું જીવન ગાંધીજીને સમર્પિત હતું.તે તેમની આજ્ઞા શિરોમાન્ય ગણતા. તો કોઈવાર તે જ ગાંધીજીને કંઈક સૂચન કરી શકતા. પાણીના નળના ઉપયોગ જેવી બાબતે ગાંધીજી ઠપકો આપતા તો સહી લેતા. કસ્તૂરબા-દુર્ગાબહેન જગન્નાથપુરીના મંદિરમાં પૂજા કરી આવ્યાં તે બાબતે ગાંધીજીએ ઠપકો આપ્યો, તો મહાદેવભાઈએ રાજીનામું આપી છૂટા થવાની તૈયારી કરી. પણ ગાંધીજી જવા દે? એ તો મૃત્યુ સુધી સાથે જ રહ્યા. એમના અગ્નિસંસ્કાર પણ ગાંધીજીએ જ કર્યા. તેઓ પિતા-પુત્ર જેમ રહ્યા, આજ્ઞાંકિત સેવક જ નહિ. તેમનું આ સમર્પણ અદ્ભુત હતું. આ ચરિત્રચિત્રણ પાવનકારી છે. તદુપરાંત તે લેખક, પત્રકાર, કાર્યકર, સત્યાગ્રહી, લોકસેવક ને વિશુદ્ધ માનવ તરીકે અમીટ છાપ મૂકી જાય છે. ગાંધીજીની દિનચર્યા, પત્રો, પ્રવચનો, ચર્ચાઓ લખાણો વગેરેની એમણે જે માવજત ને જતન કર્યાં છે તે સામે નતમસ્તક થઇ જવાય છે.

**ડાયરીના નાયક ગાંધીજી અને બીજા રેખાચિત્રો** :

અહી 'સત્યના પ્રયોગો'થી વધુ સારી રીતે, સવિગત ને સવિસ્તર ગાંધીજીના આંતરબાહ્ય જીવનનું સકલ પરિવેશ સાથે આલેખન છે. ગાંધી-જીવનના ને સ્વરાજલડત, રાષ્ટ્રજીવન, સમાજસેવા

વગેરેના આ દેશના અને વિદેશના પ્રસંગો આબેહૂબ દર્શાવ્યા છે. ગાંધીજીની રાષ્ટ્રસેવા, મહાનુભાવિતા અને મહાત્માપણાને સમુચિત રીતે બિરદાવ્યાં છે.

સાથે જ, તેમના સાથીદાર વલ્લભભાઈનું ચરિત્ર પણ સુંદર રીતે આલેખ્યું છે. યરવડા જેલમાં એમનો ત્રિવેણીસંગમ થયો હતો. સરદાર પણ ગાંધીજીનો પડ્યો બોલ ઉપાડી લેતા. કોઈપણ સૂચન કરતા અને વિનોદ પણ કરતા. લેખકે સરદારની સત્યાગ્રહોની સરદારી, રાજકીય બાહોશી, દૂરંદેશી ને ગાંધીસેવા અને સમાજસેવા બિરદાવી છે.

તદ્દુપરાંત ડાયરીમાં લોકમાન્ય તિલક, જવાહરલાલ, વિનોબા, બાબાસાહેબ આંબેડકર, કસ્તુરબા, સ્વામી શ્રદ્ધાનંદ, લાલા લજપતરાય, આચાર્ય કૃપાલાની, બડોદા, મગનલાલ ગાંધી અને સંખ્યાબંધ મહાનુભાવોનાં રેખાચિત્રો સરસ આપ્યાં છે. એમાંય રોમાં રોલાં, મેડમ મોન્ટેસરી, બર્નાડ શો, મુસોલિની ને ટાગોર યાદ રહી જાય એવાં આલેખાયાં છે. આખી ડાયરી રેખાચિત્રોનો ભંડાર છે.

**સાહિત્યિકતાનો સંસ્પર્શ** :

મહાદેવભાઈની ડાયરી કોરી ઐતિહાસિક તવારીખ નથી, પણ સાહિત્યરસિક લેખકની સાહિત્યિક સુવાસથી મહેકતી સાહિત્યસૃષ્ટિ છે. એમાં વસ્તુ સાથે વર્ણનનું સૌંદર્ય છે. ભાષાશૈલી સરળ, પ્રવાહી ને રસિક છે. વિવિધ સનાતન સૂત્રો, સુભાષિતો અને કાવ્યખંડોનાં વિવિધ ભાષાનાં અવતરણોથી વિભૂષિત છે. એમાં 'સરસ્વતીચંદ્ર', નાનાલાલ, રવીન્દ્રનાથ ટાગોર, રસ્કિન વગેરેની સાહિત્યચર્ચા પણ આવે છે. ક્યારેક સાધુનંદનું કે ફ્રાન્સિસનું ચરિત્ર પણ આવી જાય. દાંડીકૂચના મહાભિનિષ્ક્રમણના વર્ણનમાં સાક્ષાત્ ભવ્યતા છે. કોંગ્રેસ-અધિવેશનના મંડપની સુંદરતા સરસ વર્ણવી છે. પ્રવાસવર્ણનમાં પ્રાકૃતિક સૌંદર્ય આલેખતાં લેખક ગદ્યકવિ બની જાય છે. ઇતિહાસ, ભૂગોળ ને કાવ્યનો સમન્વય થાય છે.

**ચિંતનાત્મકતાનો પરિવેશ** :

ડાયરી ચિંતનસમૃદ્ધ છે. ગોવર્ધનરામની મનનનોંધ જેમ ગાંધીજીની મનન- નોંધ છે, ચેતનાપ્રવાહ પણ છે. તેમાં ધર્મ, તત્ત્વ, સમાજ, રાજકારણ, સંસ્કૃતિ, અર્થ, કામ, મોક્ષ, જીવ, જગત, ઈશ્વર, આત્મા-પરમાત્મા વગેરેનું જ્ઞાન ભરપદે પડેલું છે. ગીતા, ઉપનિષદ, વેદાંત જ નહિ, પુરાણની વાતોય ચર્ચાય છે. સનાતનીઓ સાથે શાસ્ત્રવિવાદ થાય છે.

ડાયરી ભાવો અને ભાવનાઓની સૃષ્ટિ છે. ગાંધીજીની સત્ય, અહિંસા, સર્વોદય, દરિદ્રનારાયણ વગેરેની ભાવનાઓ છલકે છે. એમાં ત્યાગ, સેવા, સમર્પણ, બલિદાન, રાષ્ટ્રપ્રેમ,

માનવપ્રેમ વગેરેના મહાભાવોના મહાપ્રસંગ છે. કોમી એકતા, અસ્પૃશ્યતાનિવારણ, સર્વધર્મસમભાવ, સ્વદેશીની તો આ ગાથા છે. સ્વતંત્રતા, સમાનતા અને બંધુતાનાં મૂલ્યો ને 'વસુધૈવ કુટુંબકમ્'ની ભાવનાઓ ઊભરાય છે. ગાંધીયુગ કેવો રૂડો ભાવનાયુગ હતો તેનું મધુર દર્શન થાય છે.

**ડાયરીનું પત્રસાહિત્ય** :

ગાંધીજીના પત્રો એ ડાયરીનું એક ભૂષણ છે. ગાંધીજી પ્રત્યેક પત્રોના ઉત્તર વાળતા. યથાયોગ્ય લખતા. પત્રો ટૂંકા, મુદાસર ને વહાલભર્યા હોય. પણ કેટલાક પત્રો તો સ્વદેશી, અસ્પૃશ્યતા, બ્રહ્મચર્ય, આશ્રમજીવન વગેરે પરના નિબંધો જેવા છે. એ મોટે ભાગે જાહેર જીવનના છે અને ગાંધીજીના પારદર્શી વ્યક્તિત્વના દ્યોતક છે.

**ગાંધીવિચારના ઉદ્ઘોષક: ડાયરીના પ્રવચનો** :

ડાયરીમાં ગાંધીજીનાં પ્રાસંગિક પ્રવચનોનો પણ સંચય છે. લેખકે બધાં પ્રવચનોની નોંધ રાખી છે. એમાં ગોળમેજી પરિષદ, દાંડીકૂચ, કોંગ્રેસ- અધિવેશન જેવા પ્રસંગોએ આપેલાં પ્રવચનો તો ઐતિહાસિક મહત્ત્વનાં છે. ભગતસિંહ, તિલક, દેશબંધુને આપેલી શ્રદ્ધાંજલિઓ ભાવવાહી છે. ગાંધીજીએ પ્રસંગોપાત્ત કરેલા સત્યાગ્રહ, એકતા, સ્વદેશી, ખાદી, રાષ્ટ્રભાવના વગેરે પર કરેલાં પ્રવચન ચિરંજીવ છે. તદ્દુપરાંત ડાયરીમાં મહાદેવભાઈનું ગુજરાતી સાહિત્ય પરિષદમાં પત્રકારત્વ વિભાગના અધ્યક્ષ તરીકેનું પ્રવચન ચિરંજીવી અને સીમાસ્તંભરૂપ છે. એમાં સરદાર, નહેરુ, રાજેન્દ્રબાબુ જેવાનાં પ્રવચનો પણ છે. આ પ્રવચનો એ મોંઘી મિરાત છે.

**પરમતખંડન વિના સ્વમતમંડનની ચર્ચા- સંવાદિતતા** :

ડાયરીમાં કેટલીક ચર્ચાઓ અને સંવાદો પણ નોંધપાત્ર છે. ગાંધીજી વાર્તાલાપો, ચર્ચાઓ, સંવાદો, પ્રશ્નોત્તરીઓ દ્વારા સામી વ્યક્તિને પોતાની વાત સમજાવતા. વાઈસરોય અને અંગ્રેજ અમલદારો, આંબેડકર, મુસ્લિમ કાર્યકરો, સનાતની બ્રાહ્મણો, ભગતસિંહના સાથીદારો,સંખ્યાબંધ મહાનુભાવો સાથેના સંવાદ-વિવાદ પણ જ્ઞાનસમૃધ્ધ છે. મહાદેવભાઈ, ગાંધીજી ને સરદારના જેલજીવનના સંવાદો - વાતચીતોમાં વિનોદ પણ આસ્વાદ્ય છે.

**ગાંધી-ભાવનાનાં કાર્યક્રમો** :

ગાંધીજી અને કોંગ્રેસના અગત્યના કાર્યક્રમોમાં હિંદુ-મુસ્લિમ એકતા અને અસ્પૃશ્યતાનિવારણ મુખ્ય હતા. આ બંને બાબતોનો ઇતિહાસ ડાયરીમાં વિગતવાર છે. કોમી રમખાણોમાં ગાંધીજીએ જીવના જોખમે કાર્ય કર્યું. મૌલાના અબુલ કલામ આઝાદ, સરહદના ગાંધી, અલીબંધુઓ ગાંધીજીની

સાથે હતા. શ્રદ્ધાનંદજીનું મુસલમાને છેતરીને ખૂન કર્યું એવી ઘટનાઓમાં ગાંધીજીએ સર્વધર્મભાવ પ્રવર્તાવ્યો. તો અંગ્રેજ સરકાર ને ડૉ. આંબેડકર હરિજનોને હિંદુઓથી જુદા પાડવા માગતા હતા તેની સામે ગાંધીજીએ એકતાનો કાર્યક્રમ આપ્યો. કોમી એકતા ને અસ્પૃશ્યતા- નિવારણનો ઈતિહાસ પણ ડાયરીમાં છે. એ નિમિત્તેના ગાંધીજીના ઉપવાસ એ રાષ્ટ્રના ઇતિહાસનો સોનેરી અંશ છે. ગાંધીજીએ અસ્પૃશ્યતાને હિંદુધર્મનું કલંક ગણાવી દલિતોદ્ધારનું અમૂલ્ય કાર્ય કર્યું હતું.

**અનોખી ગદ્યશૈલી** :

ગાંધીયુગના મહાદેવભાઇ ગાંધીજીની ગદ્યશૈલીને અનુસરીને કોશિયો પણ સમજી શકે એ રીતે સાહિત્યિક રસજાગૃતિ ઉભી કરે છે. એમાં રોજનીશી ઉપરાંત પ્રસંગ, પ્રવાસ, પત્ર, પ્રવચન, ચર્ચા, સંવાદ, રેખાચિત્ર, નિબંધ, કથાદષ્ટાંત વગેરેને ઉચિત સમૃધ્ધ ગદ્ય છે. લેખક કાવ્યો, કથા-અંશો, કથાસાર, આસ્વાદ, રેખાચિત્ર, કૃતિસંક્ષેપ, સાહિત્ય-કલા-વિચાર, ચિંતન, કાવ્યાત્મક વર્ણન વગેરેથી ગદ્યને પ્રસન્ન અને ગરિમામય બનાવે છે. એમાં ઐતિહાસિકતા, પ્રમાણભૂતતા, અધિકૃતતા સાથે પ્રાસાદિતા અને સાહિત્યિક્તા છે. એમાં સર્જકતા, લાલિત્ય ને નર્મમર્મ છે. ભાષાશૈલી ગંભીર અને ગૌરવયુક્ત છે.

સમગ્રતયા જોતાં, ‘મહાદેવભાઈની ડાયરી' એ 'સત્યના પ્રયોગો'ની સમૃધ્ધ અનુપૂર્તિ છે. વિશ્વની એક વિશાળ ને સમૃધ્ધ રોજનીશી છે. ગાંધીયુગ ને ગાંધીજી તથા ગાંધીજનોની ભવ-વહી છે. રાષ્ટ્રનો અધિકૃત દસ્તાવેજ છે. ટાગોર ને ચર્ચિલનાં સ્મૃતિચિત્રોની જેમ મૂલ્યવાન ગ્રંથ છે. ડાયરીનો ઉચ્ચ આદર્શ નમૂનો છે.